# રાજકોટમાં નાણાભીડ-મંદીથી ત્રાસી સોની પરિવારે ઝેર ગટગટાવી લીધું

## યુવાન પુત્ર એક માસ પહેલાં પોતાના માટે ઝેર લઈ આવ્યો હતોઃ પછી બધાએ સાથે પી લેતાં સિવિલ હોસ્પિટલે દાખલ

રાજકોટ: રાજકોટમાં અબજોના ધંધા-ઉદ્યોગો,રોકાણોની બીજી તરફ અનેક પરિવારોને બે છેડાં પૂરા કરવામાં હજારો રૂ.ના પણ સાંસા પડે છે. આ સ્થિતિમાં એંસી ફૂટના રોડ પર સત્યમપાર્ક-૪માં રહેતા નીલેશભાઈ રતિલાલ સોની (ઉ. ૫૫), તેમના પત્ની ચંદ્રિકાબેન (ઉ. ૫૦) અને પુત્ર માર્ગીન (ઉ.વ. ૩૦)એ ત્રણેયએ સતત નાણાભીડ અને મંદીથી ત્રાસીને ગત રાત્રિના ઘરે ઝેર ગટગટાવી લઈ આપઘાતનો પ્રયાસ કર્યાનો બનાવ આજે થોરાળા પોલીસમાં જાહેર થયો છે.

આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર આ પરિવાર ઘરબેઠા અગરબત્તીના બોક્સ પેકિંગનો ધંધો કરતા હતા જેમાં મંદી હતી. છ વર્ષ પહેલા સત્યમપાર્કમાં ફ્લેટ લીધો હતો જે માટે તેમણે રૂ. ૭ લાખની લોન લીધી હતી. તેના માસિક રૂ. ૭૫૦૦ના હપ્તા આ પરિવાર ભરી શકતો ન્હોતો અને ૧૨ માસથી હપ્તા ચડત થઈ ગયા હતા. સામે કોઈ આવક ન્હોતી.

વધુમાં થોરાળા પોલીસના તપાસનીશ નીલેશ જાગાણીની તપાસાં ખુલ્યા મૂજબ ૩૦ વર્ષનો માર્ગીન એક માસ પહેલા ઘરે ઘંઉમાં નાંખવાના ઝેરી ટીકડા લઈ આવ્યો હતો અને આપઘાત સિવાય કોઈ રસ્તો નથી તે અંગે ભારે ગડમથલ હતી અને મા-બાપે પણ અમે રહીને શુ કરીએ તેમ નક્કી કરીને ગત રાત્રિના ત્રણેયએ ઝેરી ટીકડા પી લીધા હતા. જો કે સિવિલ હોસ્પિટલે દાખલ થતા સારવાર શરૂકરી દેવાઈ છે. નિવેદનમાં પરિવારના સભ્યોએ કહ્યું કે દૂધ લેવાના પણ અમારી પાસે પૈસા નથી,અતિશય તંગી છે, ફ્લેટ વેચવા કાઢ્યો તો તેમાં પણ મંદી છે. આથી કંટાળીને આ પગલું ભર્યું હતું.

# મુંબઈથી ભાઈને મળવા રાજકોટ આવેલા યુવકનું અકસ્માતમાં મોત

રાજકોટ:

શહેરના સામા કાંઠે હિટ એન્ડ રનની ઘટના બની છે. જેમાં રાજકોટ નાનાભાઈને મળવા માટે મુંબઈથી ચાર દિવસ પહેલા નીકળેલા યુવકનું ચાલીને જતો હતો ત્યારે અજાણ્યો બાઈકચાલક ઠોકરે લઈ ભાગી જતાં ગંભીર ઈજા થતાં સારવાર દરમિયાન મોત થયું છે.બનાવની પ્રાપ્ત વિગત મુજબ મૂળ નેપાળનો અને હાલ મુંબઈ હોટેલમાં રહી નોકરી કરતો કલ્પેશભાઈ હિમ્મતભાઈ વિશ્વકર્મા(ઉ.વ.૩૦) નામનો યુવાન રાતે પેડક રોડ પ્રમુખ સ્વામી આર્કેડ પાસે ચાલીને જતો હતો ત્યારે અજાણ્યો બાઈકચાલકે



ઠોકર મારી ભાગી જતાં ગંભીર ઈજા થતાં સારવાર માટે દાખલ કરાયો હતો. પરંતુ સારવાર દરમિયાન મોત થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવિઝન પોલીસને જાણ કરી હતી.પોલીસની પ્રાથમિક તપાસમાં મૃત્યુ પામનાર કલ્પેશભાઈ બે ભાઈ અને બે બહેનમાં મોટો હતો. સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. ચારેક દિવસ પહેલા તે મુંબઈથી રાજકોટ આવ્યો હતો. તેનો ભાઈ રણછોડનગર વિસ્તારમાં રહેતો હોય તેને મળવા આવ્યો હતો.

રાતે તેનો ભાઈ અરૂણ પેડક રોડ પર પંજાબી ચાઈનીઝના ફૂડ સ્ટોલ પર હતો તેને મળીને ચાલીને રણછોડનગરમાં ભાઈના ઘરે જતો હતો ત્યારે આ બનાવ બન્યો હતો.

# ગોંડલમાં ગુણ ઉપાડવાના હુકના ઘા ઝીંકાતાં રિક્ષાચાલક લોહીલુહાણ

ગોંડલ:ગોંડલ બસસ્ટેન્ડ પાસે જૂની અદાવતમાં રીક્ષા ચાલકને ગુણ ઉપાડવાના હુકના ઘા ઝીકી હુમલો કરાતા યુવાનને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાયો હતો.ગોંડલના ગંજીવાડા વિસ્તારમાં રહેતાં રમીઝભાઈ સલીમભાઈ બેલીમ (ઉ.વ.૩૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ઈબ્રાહીમ ઉર્ફે રહીશ બોદુ ખીરાણી (રહે.ગોંડલ) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ પેસેન્જર સીએનજી રીક્ષા ચલાવે છે.

તેઓને અગાઉ દોલત મિલ પાસે રહેતા ઈબ્રાહીમભાઈ ઉર્ફે રહીશ ખીરાણી સાથે રિક્ષામાં પેસેન્જર બેસાડવા બાબતે બોલાચાલી- માથાકૂટ થયેલ હતી, અને સમાધાન પણ થયું હતું.તે સાંજના સમયે રીક્ષા લઈ બસ સ્ટેન્ડ ખાતે ઉભો હતો ત્યારે આ ઈબ્રાહીમ આવ્યો હતો અને કહેવા લાગ્યો હતો કે, તું અગાઉ શું કહેતો હતો? કેમ બોલા ચાલી કરતો હતો ? જેથી તેણે શાંતિથી જવાબ આપ્યો હતો કે હવે તો આપણે સમાધાન થઈ ગયું, હવે કેમ માથાકૂટ કરે છે?

ત્યારે ઈબ્રાહીમે ગાળો આપી ઝપાઝપી કરી હતી અને તેણે તેની યાર્ડમાં ઘઉં માંડવીની ગુણ ઉપાડવાનો લોખંડનો હુક કાઢી તેના પડખામાં આ હુક ઝીકી દીધા હતા અને એક ઘા માથામાં પણ મારી દેતાં તે લોહીલુહાણ બની ગયો હતો.આરોપી કહેવા લાગ્યો હતો કે, હવે કાંઈ બોલતો નહી બાકી જાનથી મારી નાખીશ એમ કહી તેની રીક્ષા લઈ જતો રહ્યો હતો. બનાવ અંગેની ફરિયાદ પરથી ગોંડલ પોલીસે ગુનો નોંધ્યો હતો.

# બેટી રામપરા ગામે પુત્રએ પિતાના હાથ પગ ભાંગી નાખ્યા

રાજકોટ:રાજકોટની ભાગોળે બેટી રામપરા ગામે પુત્રએ પિતાના હાથ પગ ભાંગી નાખ્યાની ઘટના બની છે. તળશીભાઈને સિવિલમાં દાખલ કરાયા હતા. પુત્રી અન્ય યુવક સાથે જતી રહીં હોય તે બાબતે સમાજમાં વાત કરવાનું કહેતા પુત્રએ હુમલો કર્યો હતો.મળતી માહિતી મુજબ, તળશીભાઈ વાઘાભાઈ ભાટી (ઉંમર વર્ષ ૫૦, રહે. બેટી રામપરા ગામ, તા. રાજકોટ) ગઈકાલે સાંજના ૭ વાગ્યાની આસપાસ ઘરે હતા ત્યારે તેના દીકરા કાનાએ ઝઘડો કરી પાઈપ વડે માર મારતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ. તેઓએ જણાવ્યું કે, તેમની એક દીકરી સમાજના યુવક સાથે જતી રહી છે. જેને પરિવાર શોધી રહ્યા છે. જેથી ગઈકાલે પિતા પુત્ર બંને રાત્રે વાત કરતા હતા.જેમાં પિતાએ સમાજના



આગેવાનો સામે આ પ્રશ્ન લઈ જવા સલાહ આપી પણ પુત્ર તેમાં સહમત થયો નહીં. જેથી બંને વચ્ચે ઝઘડો થયો જેમાં પુત્રએ બેફામ પિતાને પાઈપ વડે માર માર્યો હતો. તળશીભાઈ ભંગારનો વેપાર કરે છે. તેને સંતાનમાં ૩ દીકરા અને ૩ દીકરી છે. એરપોર્ટ પોલીસે તેનું નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

# સાંકળી ગામે ઉપસરપંચના ત્રાસથી યુવકે ઝેરી દવા ગટગટાવતા મોત

## ઉપસરપંચે યુવકને ઢોર માર મારી વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતીઃ ૧૦ દિવસની સારવાર બાદ દમ તોડયો

સુરેન્દ્રનગર : સુરેન્દ્રનગરના વઢવાણ તાલુકાના સાંકળી ગામે ઉપસરપંચના શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળી ૨૫ વર્ષીય યુવક જયેશ મેણીયાએ ઝેરી દવા પીને જીવન ટૂંકાવ્યું છે. ૧૦ દિવસ સુધી મોત સામે ઝઝૂમ્યા બાદ યુવકે દમ તોડયો હતો. પરિવારજનોના આક્ષેપ મુજબ, એક યુવતી સાથે ફોન પર વાતચીત બાબતે થયેલા વિવાદમાં ઉપસરપંચે યુવકને ઢોર માર મારી અપમાનિત કર્યો હતો.પરિવારના જણાવ્યા અનુસાર, સાંકળી ગામના ઉપસરપંચ રાજુ કાળુ ખાચર દ્વારા જયેશને ઉઠાવી જઈને નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો. એટલું જ નહી, આ મારપીટનો વીડિયો



બનાવી તેને સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. આ ઘટનાથી ક્ષોભ અનુભવતા અને સતત મળતી ધમકીઓથી ડરી ગયેલા જયેશે ઝેરી દવા પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. તેને ગંભીર હાલતમાં સુરેન્દ્રનગરની મેડિકલ કોલેજમાં ખસેડાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું.ઘટના બાદ વઢવાણ પોલીસ દ્વારા માત્ર અરજી લઈને સંતોષ મનાતા પરિવારમાં રોષ ફેલાયો હતો. યુવકના મોત બાદ પરિવારજનોએ ન્યાયની માંગ સાથે મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો હતો. મામલો ગરમાતા એએસપી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. કલાકોની સમજાવટ અને ઉપસરપંચ વિરુદ્ધ વિધિવત ગુનો દાખલ કર્યા બાદ પરિવારે મૃતદેહનો સ્વીકાર કર્યો હતો. હાલમાં ફરાર ઉપસરપંચને ઝડપી પાડવા એલસીબી અને એસઓજી સહિતની વિવિધ ટીમો દ્વારા તપાસ તેજ કરવામાં આવી છે.

# ઉપલેટામાં મંદિરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

## પીઠડ માતાજીના મંદિરનો પૂજારી જ નીકળ્યો ચોર, ૧૫.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો




ઉપલેટા:રાજકોટના ઉપલેટા શહેરમાં સુવા પ્લોટ ખાતે આવેલા આસ્થાના કેન્દ્ર સમાન પીઠડ માતાજીના મંદિરમાં થયેલી લાખોની ચોરીનો ભેદ ઉપલેટા પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો હોવાનું જાહેર કરવામાં આવ્યું છેત્યારે અહીંયા ચોંકાવનારી બાબત એ છે કે "રક્ષક જ ભક્ષક" બન્યો હોય તેમ, મંદિરમાં સેવા-પૂજા કરતા પૂજારીએ જ આ ચોરીને અંજામ આપ્યો હોવાનું ખુલતા પોલીસે પુજારીની અટકાયત કરી તેમની પાસેથી મુદ્દામાલ કબજે કરી લીધો હોવાનું જાહેર કર્યું છે.

ફરિયાદીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, ૨૨ જાન્યુઆરીના રોજ સવારે તેઓ મંદિરે પહોંચ્યા ત્યારે મેઈન ગેટ અને ગર્ભગૃહના તાળા તૂટેલા હતા. અંદર તપાસ કરતા માતાજીનું પાંચ તોલાનું સોનાનું છતર, બે તોલાનું ડોકિયું, કાનની પાંદડીઓ અને નથડી મળી કુલ રૂ.૧૧ લાખ ૮૦ હજારના દાગીના ગાયબ હતા. આ અંગે ઉપલેટા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.પોલીસે બાતમીની આધારે ખાખીજાળીયા રોડ પર વોચ ગોઠવી આરોપી ચંદ્રેશ બાંભણીયા ને ઝડપી લીધો હોવાનું જાહેર કર્યું છે. ઉલ્લેખનીય છે કે પોલીસે જેની અટકાયત કરી છે તે વ્યક્તિ મંદિરમાં જ પૂજારી તરીકે સેવા આપતો હતો.

પોલીસે પુજારી પાસેથી ચોરી થયેલ તમામ દાગીના અને ગુનામાં વપરાયેલ હુંડાઈ i10 કાર (GJ03ML4288) સહિત કુલ રૂ. ૪૫ લાખ ૮૦ હજારનો મુદ્દામાલ રિકવર કર્યો છે

# મામા સાથે સગીરાને પ્રેમ સંબંધ બંધાતા માવતરે ઠપકો આપ્યો, ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો

રાજકોટ:રાજકોટ શહેરના રેલનગર વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં રહેતી ૧૬ વર્ષની સગીરાએ સવારે ૮ વાગ્યે પોતાના ઘેર ફિનાઈલ પી લેતા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી અને બનાવની જાણ પ્રદ્યુમનનગર પોલીસને કરવામાં આવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં સગીરાને તેના સગા મામા સાથે પ્રેમ સંબંધ હોવાથી પરિવારને જાણ થતા પરિવારજનોએ સગીરાને ઠપકો આપ્યો હતો. જેનું માઠું લગાડી સગીરાએ ફિનાઈલ પી લીધું હતું હાલ તે સારવાર હેઠળ છે. પોલીસે સગીરાનું નિવેદન નોંધી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.



# ઉપલેટાના રામગઢમાંથી ૮૮૯ ગ્રામ ગાંજા સાથે મહિલાની ધરપકડ

ઉપલેટા:ઉપલેટાના રામગઢ વિસ્તારમાંથી ગાંજાના જથ્થા સાથે મહિલાની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી પાસેથી ૮૮૯ ગ્રામ ગાંજા સહિતનો ૪૪,૪૫૦નો મુદ્દામાલ કબજે લઈ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી કરવામાં આવી હતી.

રાજકોટ ગ્રામ્ય SOG ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે ઉપલેટાના સ્મશાન રોડ પર રામગઢ વિસ્તારમાં રહેતા સલમાબેન રફીકભાઈ શેખ (ઉ.વ. ૪૦) પોતાના મકાનમાં ગાંજાનું વેચાણ કરે છે.

આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડી ઘરની તલાશી લેતા, કબાટમાંથી પ્લાસ્ટિકની થેલીમાં શંકાસ્પદ પદાર્થ મળી આવ્યો હતો. એફએસએલ અધિકારીએ સ્થળ પર ખરાઈ કરતા આ પદાર્થ ''ગાંજો'' હોવાનું પુષ્ટિ થઈ હતી.

પોલીસે મહિલા પાસેથી ૮૮૯ ગ્રામ ગાંજાનો જથ્થો (કિંમત રૂ. ૪૪,૪૫૦) કબજે કરી, તેની વિરુદ્ધ ઉપલેટા પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટની કલમ ૮(સી), ૨૦(બી) મુજબ ગુનો દાખલ કર્યો છે.

જેમાં સલમાબેન રફીકભાઈ શેખ વિરુદ્ધ ઉપલેટા પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટની કલમ ૮(સી), ૨૦(બી)(૨-બી), ૨૯ હેઠળ ગુનો નોંધાયો છે જેમાં તેઓ ૫ જૂન ૨૦૨૪ના રોજ ૧.૦૯૧ કિલોગ્રામ ગાંજાના જથ્થા (કિંમત રૂ. ૧૦,૯૧૦) સાથે ઝડપાયા હતા.આ કામગીરીમાં રાજકોટ ગ્રામ્ય જીંએપી.આઈ. એફ.એ. પારગી, પી.એસ.આઈ. કે.એમ. ચાવડા તથા પી.એસ.આઈ. મિશ્રાની રાહબરી હેઠળ કરાઈ હતી.


આર.આઈ.એલ.-જામનગર : વિશ્વનું સૌથી વિશાળ રિફાઈનિંગ મથક



રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની જામનગરમાં આવેલી દૈનિક ૧.૨૪ મિલિયન બેરલ ક્ષમતા ધરાવતી રિફાઈનરી વિશ્વની એક જ સ્થળે આવેલી સૌથી મોટી રિફાઈનરી તરીકે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. આ રિફાઈનરી વિવિધ પ્રકારના ક્રૂડના શુદ્ધિકરણની ક્ષમતા ધરાવે છે અને તે પણ વિશ્વભરમાં સૌથી ઓછી કિંમતે. આ સંકુલનો ઝડપી વિકાસ જ ભારતના પરિવર્તનના કેન્દ્રમાં રહેલો છે. આ રિફાઈનરી સ્થપાતા ભારત પેટ્રોલિયમ ઉત્પાદનોના આયાતકારમાંથી તેનું નિકાસકાર બન્યું અને તે રીતે દેશની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત બની. આર.આઈ.એલ. વિશ્વના સૌથી મોટા સંકલિત પેટ્રોરસાયણ ઉત્પાદકોમાં સ્થાન ધરાવે છે અને તેનું લક્ષ્ય વિશ્વના ટોચની પાંચ સૌથી નફાકારક કંપનીઓમાં સ્થાન પ્રાપ્ત કરવાનું છે.

સુનિશ્ચિત કરે છે દેશની ઊર્જા સુરક્ષા

રિલાયન્સ
ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
વૃદ્ધિ એ જ જીવન